# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૧૬૫
## તારીખ. ૨૨–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૧૭–૨૦૧૮ માટે તારીખ.૧૫–૧૦–૨૦૧૭ થી તારીખ.૦૪–૧૧–૨૦૧૭ કુલ–૨૧ (એકવીસ) સુધી દિવસ ચકડોળ ગ્રાઉન્ડ દિવાળી લોક મેળાનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે લાયસન્સ ફી થી મેરીગો રાઉન્ડ, ટોળાટોળા, રાઈડીંગ ઝુલા વિગેરે માટે જાહેર હરાજીથી હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૪૭ તારીખ. ૦૮–૦૯–૨૦૧૭ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર. ૧૬૫૨ તારીખ.૧૩–૦૯–૨૦૧૭ થી દૈનિક પેપર "નયા પડકાર" તથા "સંદેશ" આણંદ જીલ્લા આવૃત્તિ માં જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ. ૨૨–૦૯–૨૦૧૭ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે સુધી નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં હરાજીમાં ભાગ લેવા માટે દસ (૧૦) અરજદારો એ જાહેર હરાજીમાં ભાગ લેવા ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા.૨૫,૦૦,૦૦૦/–અંકે રૂપીયા પચ્ચીસ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૨૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉંચી બોલી રૂપીયા. ૩૦,૦૦,૦૦૦/– અંકે રૂપીયા ત્રીસ લાખ પુરા શ્રી કૃણાલ રમેશભાઈ ભટ્ટ, એ/૩૬, શકિત નગર, વિદ્યાનિકેતન સ્કુલની સામે, ખોડીયાર નગર, અમદાવાદ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી ચકડોળ ગ્રાઉન્ડનો કબજો સોપવા આગળની કાર્યવાહી કરવા નગરપાલીકાના પ્રમુખશ્રી, – ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે તથા સરકારશ્રીના જે કાંઈ ટેક્ષ ભરવાના થાય તે જે તે એજન્સીને ખંભાત નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે જે જી.એસ.ટી.ની રકમ થાય તે નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તે અંગે અલગથી પાવતી આપવામાં આવશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.. ૧૬૬
## તારીખ. ૨૨–૦૯–૨૦૧૭

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત શહેરમાં દિવાળી મેળા સને.૨૦૧૭–૨૦૧૮ માટે તારીખ.૧૫–૧૦–૨૦૧૭ થી તારીખ.૦૪–૧૧–૨૦૧૭ કુલ–૨૧ (એકવીસ) સુધી દિવસ ગવારા ટાવર ધર્મશાળા પાસે થી ગોપાલ ટોકીઝ થી પાણીયારી સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ સુધી તથા ગોપાલ ટોકીઝ થી મેતપુર જકાત નાકા સુધી દિવાળી લોક મેળાનું આ વર્ષે પણ આયોજન કરવામાં આવેલ છે અને તે હંગામી ધોરણે હાથલારી, પાથરણા, સ્ટોલ, દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવા માટે વિગેરે દૈનીક લાયસન્સ ફી ઉઘરાવવા માટે જાહેર હરાજીથી હરાજીથી આપવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૪૮ તારીખ. ૦૮–૦૯–૨૦૧૭ થી શરતો નકકી કરી જાહેર હરાજી સુ.જા.નંબર. ૧૬૫૨ તારીખ.૧૩–૦૯–૨૦૧૭ થી દૈનિક પેપર "નયા પડકાર" તથા "સંદેશ" આણંદ જીલ્લા આવૃત્તિ માં જાહેરાત પ્રસિધ્ધ કરતાં જેની જાહેર હરાજી તારીખ. ૨૨–૦૯–૨૦૧૭ના રોજ સાંજના ૦૪–૩૦ કલાકે નગરપાલિકા કચેરીમાં જાહેર હરાજી રાખતાં હરાજીમાં ભાગ લેવા માટે સાત (૦૭) અરજદારોએ જાહેર હરાજીમાં ભાગ લેવા ડીપોઝીટ જમા કરાવેલ છે. દિવાળી મેળાની અપસેટ કીંમત રૂપીયા. ૩,૦૦,૦૦૦/– અંકે રૂપીયા. ત્રણ લાખ પુરા રાખેલ હતી તેની આગળની બોલીની રકમ રૂપીયા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા દસ હજાર પુરાના ગુણાંકમાં બોલીની રકમ આગળ બોલતા સૌથી ઉંચી બોલી રૂપીયા.૬,૪૧,૦૦૦/– અંકે રૂપીયા. છ લાખ એકતાલીસ હજાર પુરા શ્રી જનકભાઈ અરવિંદભાઈ બ્રહ્મભટ્ટ, બારોટ ફળીયું, મુ. જલસણ તા.ખંભાત જી. આણંદ બોલી બોલેલ છે જે બોલી મંજુર કરવામાં આવે છે હરાજીની શરત મુજબ નાણાં જમા કરાવેથી મેળાની દૈનીક લાયસંન્સ ફી ઉઘરાવવા માટે ઈજારો આપવા અને આગળની કાર્યવાહી કરવા નગરપાલીકાના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે અને બાકીના અન્ય અરજદારોને હરાજીની ડીપોઝીટની રકમ પરત આપવા મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતલાલ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શિલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા